# પ્રેસનોટ

## તા.૧૦.૦૩.૧૯ થી તા.૨૦.૦૪.૧૯ સુધી

## અમદાવાદ શહેર ખાતે કરવામાં આવેલ ચંટણીલક્ષી કામગીરી

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી નિષ્પક્ષ ભય મુકત, ન્યાયી અને શાંતીમય વાતાવરણમાં યોજાય તે હેતુથી અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચના થી અમદાવાદ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં ફુટ પેટ્રોલીંગ રાખી-રખાવી, તમામ પોલીસ સ્ટેશન, ક્રાઈમબ્રાંચ અને પી.સી.બી.ના અધિકારી તથા કર્મચારીઓને ખાસ સુચનાઓ આપી સંવેદનશીલ વિસ્તારોમાં ભયનો માહોલ ઉભો કરે તેવા અસામાજીક તત્વો અને ગુનાહિત પ્રવૃત્તી કરતા માથાભારે ઈસમો ઉપર કડક કાર્યવાહી કરી, પાસા હેઠળ કૂલ-૨૨૮ ઈસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી તેમને રાજ્યની વિવિધ જેલોમાં મોકલી આપેલ છે. તદુપરાંત અમદાવાદ શહેર વિસ્તારમાંથી કૂલ ૪૬ માથાભારે વ્યક્તિઓને તડીપાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત CRPC ૧૫૧, ૧૧૬, ૧૦૭, ૧૦૯, ૧૧૦ મુજબના કુલ- ૪૯,૯૨૩ જેટલા અટકાયતી પગલા લેવામાં આવેલ છે. કુલ-૬૮૬૬ સામે પકડ વોરંટની બજવણી કરી, તેમને અટક કરી કોર્ટ સમક્ષ મુકવામાં આવેલ છે.

અમદાવાદ શહેર ખાતે વિવિધ પો.સ્ટે. વિસ્તારમાંથી ગેરકાયદેસર હથિયાર કુલ-૩૩ તથા કાર્ટીસ નંગ-૯૨ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. હથિયાર લાયસન્સ ધરાવતા લોકો ચૂંટણી અનુસંધાને કુલ ૩,૭૮૮ હથિયારો જે-તે પો.સ્ટે.માં જમા કરાવવામાં આવેલ છે.

પ્રોહીબીશનની પ્રવૃત્તી નેસ્તોનાબુદ કરવા સારૂ બુટલેગરો ઉપર પ્રોહીબીશનના કેસો કરી કુલ ૪૪,૪૯૦ લીટર દેશી દારૂ કુલ કિંમત રૂપિયા ૩,૮૪,૧૧૫/- તથા ઈન્લીશ દારૂની કૂલ ૧૯,૮૫૭ બોટલ કિંમત રૂપિયા ૫૬,૪૨,૭૯૩/- મળી કૂલ ૬૦૨૬૯૦૮/- રકમના દારૂના કેસો કરવામાં આવેલા છે. તેમજ વારંવાર પ્રોહીબીશન ની પ્રવૃત્તી કરતા ઇસમો ઉપર પ્રોહી-૯૩ મુજબના કુલ- ૨૭૪૮ અટકાયતી પગલા લેવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં ચૂંટણી ને પ્રભાવિત ના થાય તે માટે પી.સી.બી. તથા ડી.સી.બી. ની અને એસ.એસ.ટી. અને એફ.એસ.ટી. સ્કોર્ડ ના ચેકીંગ દરમ્યાન કુલ રોકડ રૂપિયા ૧,૩૧,૧૭,૦૬૫/- જપ્ત કરવામાં આવેલ છે.

CAPF/ SRP તેમજ સ્થાનિક પોલીસ અધિકારીઓ દ્વારા ડી.સી.પી. શ્રીઓ ની સિધી આગેવાની હેઠળ શહેર ના તમામ વિસ્તારોમાં સામાન્ય પ્રજામાં વિશ્વાસનું વાતાવરણ(Confidence Building) ઉભુ કરવા માટે ફ્લેગ માર્ચ કરવામાં આવેલ છે.

ચૂંટણીનાં દિવસે તમામ બુથો/બિલ્ડીંગો ઉપર CAPF/SRP/Police નો પુરતો બંદોબસ્ત રાખવામાં આવશે. તે ઉપરાંત હથિયારો અને તમામ સાધનો થી સજ્જ Sector Police Mobile વિવિધ વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ ફરશે.

તદુપરાંત કોઇપણ આકસ્મીકતા ને પહોંચી વળવા માટે શહેરના તમામ વિસ્તારોને QRT( Quick Response Team) દ્વારા આવરી લેવામાં આવેલ છે. તમામ સુરક્ષા વ્યવસ્થા જાણવવા સારૂ જે-તે વિસ્તારના ડી.સી.પી. સ્તરના ઉચ્ચ અધિકારીઓ શ્રીઓ દ્વારા સીધુ સુપરવિઝન અને મોનીટરીંગ કરવામાં આવશે.

આમ, અમદાવાદ શહેર પોલીસ નિષ્પક્ષ, ભયમુક્ત અને શાંતિપૂર્ણ વાતાવરણ માં ચૂંટણી કરાવવા પ્રતિબધ્ધ છે. તમામ મતદારોને શાંતિપૂર્ણ રીતે પોતાનો મતાધિકારા નો ઉપયોગ કરવા અમદાવાદ શહેર પોલીસ ની નમ્ર અપીલ છે.